**<u>અમદાવાદનાં એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૧૭, અમદાવાદમાં,</u>**

**ફોજદારી કેસ નં.૪૧/૨૦૧૫**

**<u>—:: આંક—૧ લગત હુકમ::—</u>**

**આજ રોજ ફરીયાદી હાજર નથી. રેકર્ડ ધ્યાને લીધું.આ કામે રેકર્ડ જોતાં ફરીયાદપક્ષને અગાઉ ઘણી તક આપવા છતાં ફરીયાદપક્ષ એક યા બીજા કારણોસર કેસ લંબાવે છે. ફરીયાદપક્ષે આ કેસની કાર્યવાહી આગળ ચલાવવા કોઈ પુરાવો લાંબા સમયથી રજુ કરેલ નથી જેને કારણે કેસ લાંબા સમયથી પેન્ડીંગ છે. વધુમાં રેકર્ડ ની હકીકત મુજબ આરોપી સામે સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ છે પરંતુ સદર સમન્સ/વોરંટ બજે વગર બજે પરત આવેલ નથી કે ફરીયાદપક્ષ ધ્વારા પણ આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરવા/કરાવવા કોઈ કાર્યવાહી કરેલ નથી કે ફરીયાદમાં જણાવેલ સરનામે આરોપી મળી ન આવતા તેમનાં અન્ય સરનામા રજુ કરેલ નથી. આમ સદર કેસ ઘણા લાંબા સમયથી પડતર રહેલ છે. વધુમાં આ તબકકે ફરીયાદપક્ષે વધુ મુદત આપવાનો કોઈ કારણ જણાતું નથી. હાલમાં ૫ વર્ષ કે તેથી જુના કેસોનાં નિકાલ અંગે, જુના કેસોનાં નિકાલ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી અવારનવાર આદેશો આપી તે અંગે નિયમીતપણે મોનીટરીંગ કરવામાં આવે છે. હાલમાં કેસોનાં ઝડપી નીકાલ અને પુનઃમુલ્યાંકન સંબધે ના.સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટી નાં પત્ર ક્રમાંક નં.૧૭૮/૧૮, તા.૨૩/૦૧/૧૮ નાં રોજ તથા ના. ગુજરાત હાઈકોર્ટનાં પત્ર ક્રમાંક નં.૧૯૩/૧૭, તા.૨૦/૦૧/૧૭ નાં રોજનો અને ત્યાબાદનાં પત્રો વંચાણે લેતાં આવા જુના કેસોનાં ઝડપી નીકાલ કે ફેસલ કરવાનો આદેશ આપવામાં આવેલ છે. આ કેસમાં ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવા પુરતી તક આપવા છતાં તેઓ નિષ્ફળ નિવડેલ છે. હવે આ કેસની કાર્યવાહી મુલતવી રાખવા હવે કોઈ વ્યાજબી કે ઉચિત કારણ જણાતું ન હોય, તેમજ ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીનાં પરીપત્ર અન્વયે નામદાર ચેરમેનશ્રી, લીગલી સર્વીસ કમીટી, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદનાં નોટીફીકેશન નં.૦૧/૨૦૨૦ થી તા.૦૮/૦૨/૨૦ ધ્વારા સ્પે.સીટીંગનું આયોજન કરવામાં આવેલ હોય ત્યારે ૨૦૦૨(૨)જી.સી.ડી. પેજ નં.૬૭, (યુ)(જે) સુપ્રિમ કોર્ટ, નંદનલાલ જયકીશનદાસ ઠકકર વિ.સ્ટેટ ઓફ ગુજરાતનાં ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, જો ફરીયાદી પોતાનો પુરાવો રજુ કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તો કોર્ટ સી.આર.પી.સી.કલમ:૨૪૫(૧) અન્વયે ફરીયાદ કાઢી નાંખી શકે છે. જે ચુકાદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતા હાલની ફરીયાદ ફરીયાદીનાં પુરાવાનાં અભાવે/આરોપીની ગેરહાજરી સબબ ક્રિ.પ્રો. કોડની કલમ:૨૪૫(૧) અને (૨) અન્વયે કાઢી નાંખી, આરોપીને બિનતહોમત છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.**

**હુકમ આજ રોજ તા. ૦૮ /૦૨/૨૦૨૦, સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**(બરકતખાન એચ.ઘાસુરા)**

**અમદાવાદ**
**તા.૦૮/૦૨/૨૦૨૦**

**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧૭, અમદાવાદ**
**જજ કોડ નં.૦૦૯૮૩**